**UCCC & SPBCBA & SDHGCBCA & IT**

**S.Y.B.com Sem. – ૪**

**Advanced Accounting and Auditing Paper – 3**

# પ્રક્રિયા પડતર પદ્ધતિ :

**PRACTICE QUESTIONS-1**

---

૧. એક પ્રક્રિયામાં રૂ ૬૮,૮૦૦ની કિંમતે ૪૦૦૦ એકમો દાખલ કરવામાં આવ્યા હતાં. સામાન્ય બગાડ ૧૦% છે. દરેક એકમની ભંગાર કિંમત રૂ ૧૦ છે. ખરેખર ઉત્પાદન ૩૬૪૦ એકમો હોય તો અસામાન્ય વધારાની કિંમત કેટલી હશે? ***[V.N.S.G.U. APRIL ૨૦૧૪]***

૨.

પ્રક્રિયા X નું ઉત્પાદન ૨૫૦૦ એકમો હતું. સામાન્ય બગાડ દાખલ કરેલ એકમના ૧૦% હતું. અસામાન્ય બગાડ ૨૦૦ એકમો હતું.

માલસામગ્રી @ રૂ. ૫ એકમદીઠ

મજુરી @ રૂ. ૧.૫૦ એકમદીઠ

ઉત્પાદન પરોક્ષ ખર્ચા રૂ. ૨,૮૫૦

ભંગારની એકમદીઠ ઉપજ રૂ. ૨.૫૦

અસામાન્ય બગાડનું ખાતું તૈયાર કરો.

3. એક કારખાનામાં પ્રક્રિયા H અને Nની માહિતી નીચે પ્રમાણે છે:

| પ્રક્રિયા | સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમોના ટકા) | દાખલ કરેલ (લિટર) | ઉત્પાદન (લિટર) |
|---|---|---|---|
| H | ૮% | ૬૫,૦૦૦ | ૫૮,૯૦૦ |
| N | ૫% | ૩૭,૫૦૦ | ૩૫,૭૦૦ |

ઉપરની માહિતી પરથી દરેક પ્રક્રિયાનો અસામાન્ય બગાડ કે અસામાન્ય વધારો ગણો.

***[V.N.S.G.U. Mar ૨૦૧૬]***

UDHNA COLLEGE

૪. કાચો માલ ત્રણ પ્રક્રિયા X,Y અને Zમાંથી પસાર થઈને તૈયાર માલ બને છે. સામાન્ય બગાડ અનુક્રમે ૮%, ૫% અને ૧૦% છે. પ્રક્રિયા Xમાં અસામાન્ય બગાડ સામાન્ય બગાડનાં ૨૫% છે અને પ્રક્રિયા Zમાં અસામાન્ય વધારો સામાન્ય બગાડનાં ૨૦% છે. તૈયાર થયેલ એકમો ૩૯૩૩. પ્રક્રિયા Xમાં દાખલ કરેલ એકમો શોધો. **[V.N.S.G.U. Mar ૨૦૧૯]**

૫. એક પ્રક્રિયામાં રૂ ૩૦,૦૦૦ની કુલ કિંમતે ૧૦૦ એકમો દાખલ કરવામાં આવ્યા. સામાન્ય બગાડ ૧૫% છે, દરેક એકમની ભંગાર કિંમત રૂ ૫૦ છે. જો ખરેખર ઉત્પાદન ૯૦ એકમોનું હોય તો અસામાન્ય વધારાની કિંમત શું હશે? તેમજ એક એકમની સામાન્ય પડતર કેટલી હશે?

**[V.N.S.G.U. Mar ૨૦૧૭]**

૬ એક વસ્તુ ત્રણ પ્રક્રિયા A, B અને C માંથી પસાર થાય છે. પ્રક્રિયા Aમાં ૧૦,૦૦૦ એકમો એકમદીઠ રૂ ૧૧ના ભાવે દાખલ કરવામાં આવે છે. સીધા ખર્ચા નીચે મુજબ છે:

| વિગત | પ્રક્રિયા A | પ્રક્રિયા B | પ્રક્રિયા C |
|---|---|---|---|
| પરચૂરણ માલસામાન | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| સીધી મજૂરી | ૪૫,૦૦૦ | ૮૦,૦૦૦ | ૬૫,૦૦૦ |
| સીધા ખર્ચા | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | ૧૫,૦૩૦ |

પ્રક્રિયા Aમાં દાખલ કરેલા એકમોનાં ૫% લેખે સામાન્ય બગાડ છે. જ્યારે પ્રક્રિયા Bમાં તે દાખલ કરેલા એકમોના ૪% છે. પ્રક્રિયા Aનો સામાન્ય બગાડ એકમદીઠ રૂ ૨.૫૦ લેખે,પ્રક્રિયા Bનો સામાન્ય બગાડ એકમદીઠ રૂ ૫ લેખે તથા પ્રક્રિયા C નો સામાન્ય બગાડ એકમદીઠ રૂ ૧૦ લેખે વેચી દેવામાં આવે છે.

પરોક્ષ ખર્ચા સીધી મજૂરીના ૧૬૦% ગણવાના છે. તૈયાર માલ વેચાણ કિંમત પર ૨૦% નફો મળે તે રીતે એકમદીઠ રૂ ૧૦૦ની કિંમતે વેચવામાં આવે છે.

ત્રણેય પ્રક્રિયાનાં ખાતાં તૈયાર કરો તથા પ્રક્રિયા Cનાં સામાન્ય બગાડનાં એકમો શોધો .

***[V.N.S.G.U Apr ૨૦૧૭]***

.

UDHNA COLLEGE

૭ .

Neep's Chemical Ltd. ના ચોપડામાંથી તેમના કારખાનાની ઉત્પાદન પ્રક્રિયાઓ અંગેની નીચેની વિગતો મળી આવી છે. તેના પરથી દરેક પ્રક્રિયાનાં ખાતા, અસામાન્ય બગાડ કે વધારાનું ખાતું તેમજ આડપેદાશ – ૧ અને આડપેદાશ – ૨ નું ખાતું તૈયાર કરો.

| વિગત | પ્રક્રિયા | | |
|---|---|---|---|
| | અ | બ | ક |
| દાખલ કરેલા એકમો (એકમદીઠ ₹ ૧.૬૦) | ૨૨,૫૦૦ | – | – |
| સામાન્ય બગાડ (દાખલ કરેલા એકમના ટકા) | ૫% | ૪% | ૮૭૦ (એકમો) |
| બગાડની ઉપજ (એકમદીઠ ₹) | ૦.૨૦ | ૦.૪૦ | ૦.૮૦ |
| પ્રત્યક્ષ માલસામાન (₹) | ૨,૫૦૦ | ૪,૫૦૦ | ૩,૫૦૦ |
| પ્રત્યક્ષ મજુરી (પ્રત્યક્ષ માલસામાનના %) | ૨૦૦% | ૧૩૩ $\frac{1}{3}$ % | ૨૫૦% |
| પ્રત્યક્ષ ખર્ચ | ૧,૦૨૫ | ૨,૩૪૦ | ૧,૪૮૮ |
| પરોક્ષ ખર્ચા (પ્રત્યક્ષ મજુરીના %) | ૧૪૦% | ૧૫૦% | ૧૦૦% |
| અસામાન્ય બગાડના એકમો | ૧૨૫ | - | - |
| અસામાન્ય વધારાના એકમો | - | ૧૨૫ | - |
| બીજી પ્રક્રિયા ખાતે ફેરબદલ કરેલા એકમો (દાખલ કરેલા એકમોના %) | ૬૬ $\frac{2}{3}$ % | ? | - |
| આડપેદાશ (એકમો) | ? | ૩,૧૨૫ | - |
| આડપેદાશની વેચાણ કિંમત | પડતર પર ૩૩ $\frac{1}{3}$ % નફો | વેચાણ કિંમતના ૧૬ $\frac{2}{3}$ % નફો | - |

**વધારાની માહિતીઃ**

પ્રક્રિયા 'અ' ના અંતે આડપેદાશ – ૧ અને પ્રક્રિયા 'બ' ના અંતે આડપેદાશ – ૨ પ્રાપ્ત છે.

UDHNA COLLEGE

૮. કાપડનું ઉત્પાદન જુદી જુદી ત્રણ પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે અને છેવટે તૈયાર માલ ખાતે લઈ જવામાં આવે છે:

| વિગત | ડાઇંગ | પ્રિંટિંગ | ફિનિશિંગ |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમો (એકમદીઠ રૂ ૨૦ લેખે) | ? | - | - |
| ખરેખર ઉત્પદાન (એકમોમાં) | ? | ? | ? |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના ટકા) | ૩ | ૫ | ૧૦ |
| સામાન્ય બગાડની ઊપજ રૂ (દરેક ૧૦ એકમોના ) | ૩૦ | ૬૦ | ૮૦ |
| અસામાન્ય બગાડ ના એકમો (એકમદીઠ પડતર રૂ ૩૦) | ૩૦૦ | - | - |
| અસામાન્ય વધારાના એકમો (એકમદીઠ પડતર રૂ ૫૦) | - | - | ૩૦૦ |
| સામાન્ય ઉત્પાદનની એકમદીઠ પડતર (રૂ) | - | ૪૦ | - |

પ્રક્રિયાની અન્ય માહિતી:

(૧) કારખાનાના પરોક્ષ ખર્ચા ત્રણેય પ્રક્રિયામાં પ્રત્યક્ષ મજૂરીના ૧૦૦% લેખે ગણવાના છે.

(૨) ડાઇંગ પ્રક્રિયામાં અસામાન્ય બગાડ સામાન્ય બગાડના ૧/૩ ભાગ જેટલો છે.

તમામ પ્રક્રિયાનાં ખાતાં તથા અસામાન્ય બગાડ અને વધારાનું ખાતું તૈયાર કરો:

***[V.N.S.G.U. APRIL ૨૦૧૨***

UDHNA COLLEGE

૯. પ્રજ્ઞનેશ કંપની લિ. માં એક પેદાશ ત્રણ પ્રક્રિયા A,B અને Cમાંથી પસાર થઈને તૈયાર માલ ખાતે લઈ જવાય છે. પ્રક્રિયાની માહિતી નીચે પ્રમાણે છે:

| વિગતો | પ્રક્રિયા A | પ્રક્રિયા B | પ્રક્રિયા C |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમો (એકમદીઠ રૂ ૫૦ | ? | - | - |
| સામાન્ય બગાડ | ૫% | ૧૦% | ૨૦% |
| બગાડની વેચાણ કિંમત (પ્રતિ ૧૦ એકમ)રૂ | ૩૦૦ | ૫૦૦ | ૮૦૦ |
| અસામાન્ય બગાડનાં એકમો | ૫૦ | નથી | - |
| અસામાન્ય વધારાના એકમો | - | નથી | ૧૧૮ |
| પેદાશની એકમદીઠ સામાન્ય પડતર | ૧૦૦ | ૧૫૦ | ૨૨૦ |
| ખરેખર ઉત્પાદનનાં એકમો | ૧૮૫૦ | ? | ? |

વધારાની માહિતી:

કારખાનાં પરોક્ષ ખર્ચ નીચે મુજબ ગણવામાં આવ્યા:

પ્રક્રિયા Aમાં પ્રત્યક્ષ મજૂરીનાં ૫૦%, પ્રક્રિયા Bમાં પ્રત્યક્ષ મજૂરીનાં ૮૫% અને પ્રક્રિયા Cમાં પ્રત્યક્ષ મજૂરીનાં ૧૦૦%.

ઉપરોક્ત માહિતી પરથી તમામ પ્રક્રિયાનાં ખાતાં બનાવો તેમજ અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારાનું ખાતું બનાવો. *[V.N.S.G.U March ૨૦૦૯]*

૧૦. કલ્પીત કંપની લિ.માં તૈયાર માલ ખાતે લઈ જવા પહેલા કાચો માલ બે પ્રક્રિયા A અને B માંથી પસાર થાય છે. નીચે આપેલ માહિતી પરથી બંને પ્રક્રિયા ખાતાં તેમજ અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારાનું ખાતું બનાવો:

| વિગતો | પ્રક્રિયા A | પ્રક્રિયા B |
|---|---|---|
| દાખલ કરેલ કાચો માલ (રૂ ૫૦ એકમદીઠ ) | ૨૦૦૦ | - |
| પ્રત્યક્ષ મજૂરી | રૂ ૨૩,૬૦૦ | રૂ ૬૬,૯૭૦ |
| સામાન્ય બગાડ | ૫% | ૪% |
| બગાડની ઉપજ કિંમત (કિલો દીઠ) | Rs ૨૦ | Rs ૨૫ |
| ખરેખર ઉત્પાદન (કિલો) | ૧૮૫૦ | ૧૭૮૬ |

બંને પ્રક્રિયામાં કારખાનાં પરોક્ષ ખર્ચ સામાન્ય પડતરનાં ૨૦% છે.

*[V.N.S.G.U March ૨૦૦૮]*

UDHNA COLLEGE

૧૧. એક વર્ક ઓર્ડર બે પ્રક્રિયામાંથી પસાર થાય છે. પ્રથમ પ્રક્રિયાનો તૈયાર માલ અને ઉપ-પેદાશ બીજી પ્રક્રિયાનો કાચો માલ બને છે. તમામ ઉપપેદાશનાં એકમોનું વેચાણ કરવામાં આવ્યું:

| વિગત | પ્રથમ પ્રક્રિયા | બીજી પ્રક્રિયા |
|---|---|---|
| કાચો માલ | ૨૦૦૦ ટન ટનદીઠ રૂ ૧૫ | - |
| મજૂરી | રૂ ૫૦,૦૦૦ | રૂ ૬૦,૦૦૦ |
| કારખાનાં પરોક્ષ ખર્ચ | મજૂરીનાં ૫૦% | મજૂરીનાં ૮૦% |
| બગાડ | ૨૦ ટન | ૧૫ ટન |
| ઉપપેદાશનું વેચાણ | ૩૮૦ ટન | ૧૦૦ ટન |
| | પડતર વત્તા ૨૦% | પડતર વત્તા ૩૦% |
| | | |

પ્રથમ અને બીજી પ્રક્રિયાનું ખાતું બનાવો ***[V.N.S.G.U EXT ૨૦૧૮]***

UDHNA COLLEGE